તાપમાન
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૨૬ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૪ | ૫ એપ્રિલ, ૨૦૧૬, મંગળવાર ; ફાગણ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ફટાફટ ન્યુઝ

- પોલિસી સમીક્ષા પૂર્વે વ્યાજદરમાં કાપની અરૂણ જેટલી દ્વારા તરફેણ
- દેશની સૌથી ઝડપી ગતિમાન ટ્રેનને આજે લીલીઝંડી મળશે
- ટેક્સ હેવનમાં દુનિયાની હસ્તીઓ દ્વારા સંપત્તિ છુપાવાઇ : અહેવાલ
- પિલીભીત એન્કાઉન્ટરમાં ૪૭ પોલીસને આજીવન કારાવાસ
- કોલસા કાંડ મામલે રૂંગટા બંધુને ૪ વર્ષની સજા
- તિરંગાની જગ્યા પર સંઘના ધ્વજને મંજુરી અપાશે નહીં
- જેડીયુ વડા તરીકે શરદ યાદવે રાજીનામુ આપ્યું
- ભારત માતા કી જય બોલતા ધર્મ રોકે છે તો તે રાષ્ટ્ર વિરૂદ્ધ : રામદેવ
- ત્રાસવાદીઓના કોડ ટ્રેસ કરી લેવામાં તંજીલ નિષ્ણાંત હતા
- પ્રત્યુષા સાથે રાહુલની ગર્લફ્રેન્ડ પણ ખરાબ વર્તન જ કરતી હતી

# આજે રીઝર્વ બેન્કની પોલિસી સમીક્ષા બેઠક

**વ્યાજદર ઘટી શકે છે : હાલમાં રેપોરેટ ૬.૭૫ ટકા અને સીઆરઆર ૪ ટકા છે : આરબીઆઈની વર્ષ ૨૦૧૬-૧૭ માટેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષાને લઈ અટકળો : વ્યાજદરમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો થઈ શકે**

મુંબઈ,તા.૦૪

શેરબજાર, ઓટો મોબાઈલ ઈન્ડ્સ્ટ્રીઝ અને અન્ય ઉદ્યોગજગત દ્વારા જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે આરબીઆઈની નાણાંકીય નિતી સમીક્ષા આવતીકાલે મંગળવારે જારી કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૬-૧૭ માટેની તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષામાં આરબીઆઈ વ્યાજદરમાં ૦.૨૫ ટકા સુધીનો ઘટાડો કરી શકે છે. જો રેટમાં કાપ મુકાશે તો સામાન્ય લોકોને પણ આનો લાભ આપવામા આવી શકે છે. કારણ કે પહેલી એપ્રિલથી જ માર્જિનલ કોસ્ટ ઓફ ફંડ આધારિત ધીરાણ દરની શરૂઆત કરવામાં આવી ચુકી છે. મોટા ભાગના બેંકરો, નિષ્ણાંત માની રહ્યા છે કે વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. ફુગાવો આરબીઆઈની અપેક્ષા મુજબ છે. કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ આધારિત ફુગાવો ફેબ્રુઆરી મહિનામાં ૫.૨ ટકા થઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે બીજી ફેબ્રુઆરીના દિવસે તેની અગાઉની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરતા આરબીઆઈએ ધારણા પ્રમાણે જ તમામ ચાવીરૂપ પોલીસી રેટમાં કોઈ ફેરફાર કર્યા ન હતા. રેપો રેટને યથાવત ૬.૭૫ ટકાના દરે અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આરબીઆઈએ જીડીપી આગાહીના ૭.૪ ટકાના અંદાજમાં પણ કોઈ ફેરફાર કર્યો ન હતો. બીજી ફેબ્રુઆરી પહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પહેલી ડિસેમ્બરના દિવસે તેની પાંચમી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. તે પહેલા સપ્ચેમ્બરમાં ચોથી દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. આવતીકાલે અપેક્ષા વચ્ચે તેની દ્વિમાસિક નાણાંકીય નિતી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. અગાઉ સપ્ટેમ્બરમાં રીઝર્વ બેંકના ગવર્નર રઘુરામ રાજને અપેક્ષા કરતા પણ વધારે ૫૦ બેઝિક પોઈન્ટનો ચાવીરૂપ રેપો રેટમાં ઘટાડો કરીને તમામને ચોંકાવી દીધા હતા. આની સાથે જ રેપો રેટ ઘટીને ૬.૭૫ ટકા થઈ ગયો હતો.

રેપોરેટ સાડા ચાર વર્ષની નીચી સપાટીએ રહ્યો છે. રિવર્સ રેપોરેટ

● અનુસંધાન પાન-૭ પર

# બંગાળ-આસામમાં પ્રથમ ચરણમાં વિક્રમી મતદાન

**બંગાળમાં ૮૦ અને આસામમાં ૭૦ ટકા જેટલું ઉંચુ મતદાન : આસામમાં મુખ્યમંત્રી ગોગોઇ સહિત ૫૩૯ અને બંગાળમાં ૧૩૩ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં**




નવી દિલ્હી,તા. ૪

પશ્ચિમ બંગાળ અને આસામમાં વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં આજે શાંતિપૂર્ણરીતે રેકોર્ડ મતદાન થયું હતું. ચૂંટણી પંચના અહેવાલ મુજબ પશ્ચિમ બંગાળમાં ૮૦ ટકા અને આસામમાં ૭૦ ટકા મતદાન નોંધાયું હતું. આસામમાં ઉંચા મતદાન બાદ ગણતરીનો દોર શરૂ થયો છે. બંને રાજ્યોમાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો. તમામ જગ્યાઓ ઉપર સઘન સુરક્ષા પહેલાથી જ ગોઠવવામાં આવી હતી. અગાઉ આસામ અને પશ્ચિમ બંગાળમાં આજે સવારે શાંતિપૂર્ણ માહોલમાં સઘન સુરક્ષા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. તમામ મતદાન મથકો પર મતદારોની લાંબી લાઈન જોવા મળી હતી. આજે આસામમાં કેન્દ્રિય

● અનુસંધાન પાન-૭ પર

# મહેબુબા મુફ્તિની મુખ્યમંત્રી પદે તાજપોશી

**જમ્મુ કાશ્મીરના પ્રથમ મહિલા મુખ્યપ્રધાન બન્યા : શપથવિધી કાર્યક્રમનો કોંગ્રેસ પાર્ટી દ્વારા બહિષ્કાર કરાયો**



શ્રીનગર,તા. ૪

પીડીપીના નેતા મહેબુબા મુફ્તિએ આજે સવારે જમ્મુ કાશ્મીરના મુખ્યપ્રધાન તરીકે શપથ લીધા હતા. જમ્મુ કાશ્મીરના ઈતિહાસમાં પ્રથમ મુખ્યપ્રધાન બનવાનુ ગૌરવ મુફ્તિને મળ્યુ છે. રાજ્યપાલ એનએન વોહરાએ ૫૬ વર્ષીય મહેબુબાને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા. મહેબુબા રાજ્યના ૧૩મા મુખ્યપ્રધાન બન્યા છે. મહેબુબા બાદ ભાજપના નેતા નિર્મલ સિંહ પણ શપથ લીધા હતા. તેમને બીજા નંબરનો દરજ્જો આપવામાં આવી રહ્યો છે. બીજી બાજુ શપથવિધી કાર્યક્રમનો બહિષ્કાર કોંગ્રેસ પાર્ટી દ્વારા કરવામાં આવ્યો હતો. મહેબુબા દેશની બીજી મહિલા મુસ્લિમ મુખ્યપ્રધાન છે.

આ અગાઉ સઈદા અનવરા તૈમુર છઠ્ઠી ડિસેમ્બર ૧૯૮૦થી ૩૦મી જુન ૧૯૮૧ સુધી આસામના મુખ્યપ્રધાન તરીકે હતો. સાતમી જાન્યુઆરીના દિવસે સઈદનુ અવસાન થયુ હતુ. સઈદે ૧૦ મહિના સુધી પીડીપી-ભાજપ ગઠબંધન સરકારનુ નેતૃત્વ કર્યુ હતુ. તેમના અવસાન બાદ થોડાક સમય સુધી તેમની પુત્રી મહેબુબાએ ગઠબંધનનુ નેતૃત્વ કરવા કેટલીક શરતો મુકી હતી. મહેબુબાએ કેટલાક જમ્મુ કાશ્મીરલક્ષી વિશ્વાસનિર્માણ પગલાની માંગ કરી હતી. ૨૨મી માર્ચના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠક કર્યા બાદ ભાજપ અને પીડીપી વચ્ચે ચાલતી મડાગાંઠનો અંત આવી ગયો હતો.



વાતાવરણ - છેલ્લા ૪૮ કલાકથી રાજ્યમાં વાતાવરણમાં બદલાવ આવ્યો છે... વાદળછાયા વાતાવરણને કારણે ૪૦ ડિગ્રીએ પહોંચેલ તાપમાન, ૩૬-૩૭ ડિગ્રી સુધી પારો ઉતર્યો છે... ગ્લોબલ વૉર્મિંગને પગલે વારંવાર વાતાવરણ બદલાતા પાક અને આરોગ્ય પર ઘેરી અસર વર્તાય છે...

# આજે સ્ટેન્ડ અપ ઈન્ડિયા સ્કીમ લોંચ

**વડાપ્રધાન મોદીની વધુ એક મહત્વકાંક્ષી યોજના રજૂ થશે : મહિલાઓને લોન મળશે : નવી સ્કીમ હેઠળ બેંકો એસસી અને એસટી તેમજ મહિલા ઉદ્યોગ સાહસિકોને ૧૦ લાખ રૂપિયાથી લઇને એક કરોડ રૂપિયા સુધીની લોન સરળ રીતે આપશે**

નવીદિલ્હી,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે વધુ એક મહત્વકાંક્ષી યોજના લોંચ કરવા જઈ રહ્યા છે. જેનાથી મહિલાઓને સીધો ફાયદો થઈ શકે છે. રોજગારીમાં વધારો થઈ શકે છે. મોદી આવતીકાલે સ્ટેન્ડઅપ ઈન્ડિયા સ્કીમ લોંચ કરનાર છે. જે હેઠળ બેંકો એસસી અને એસટી તથા મહિલા ઉદ્યોગ સાહસિકોને એક કરોડ રૂપિયા સુધીની લોન આપશે. આ સ્કીમ માટે વેબપોર્ટલ નોઈડામાં આવતીકાલે શરૂ કરી દેવાશે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, સ્ટેન્ડ અપ ઈન્ડિયા કાર્યક્રમ લોંચ કરવામાં આવશે ત્યારે ઉત્તરપ્રદેશના રાજ્યપાલ, કેન્દ્રીય પ્રધાન અને અન્યો ઉપસ્થિત રહેશે. સ્ટેન્ડઅપ ઈન્ડિયા સ્કીમનો હેતુ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ તેમજ મહિલાોને એક કરોડ સુધીની લોન આપવાનો રહેલો છે. ૧૦ લાખથી લઈને એક કરોડ સુધીની લોન નવા ઉદ્યોગ સાહસિકો માટે આપવામાં આવશે. નાણાં મંત્રાલય

● અનુસંધાન પાન-૭ પર










# ભાજપનો સ્થાપના દિન રાજ્યભરમાં ઉજવાશે

**પ્રદેશ કારોબારીની બેઠકમાં બે પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યા : છઠ્ઠી એપ્રિલે રાજ્યના ૧૮ સ્થાનો પર ભારત માતા ગૌરવ કુચનું આયોજન**

અમદાવાદ, તા.૪

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણી, અધ્યક્ષ સ્થાને આજે ભાજપ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજાયેલી પ્રથમ પ્રદેશી કારોબારીની બેઠકમાં રાજકીય પ્રસ્તાવ તથા કેન્દ્ર અને રાજય સરકારને અભિનંદન આપતા બે જુદા જુદા પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તા. ૬ઠી એપ્રિલે ભાજપના સ્થાપના દિન નિમિત્તે રાજયના ૧૮ સ્થાનો પર યોજાનાર ભારતમાતા ગૌરવ કુચને સફળ બનાવવા તથા તેના આયોજનના સંદર્ભમાં વ્યુહરચના તૈયાર કરવામાં આવી હતી. જ્યારે બીજી તરફ તા. ૧૪મી થી ૧૭મી એપ્રિલ વચ્ચે ડૉ.બાબા સાહેબ આંબેડકરની જન્મ જંયતિ ઉજવણી પ્રસંગે ઝોનવાઈઝ દલિત સંમેલનો મોજવાનું પણ પ્રદેશ કારોબારીની બેઠકમાં નક્કી કરવામાં આવ્યું હતું. વિજય રૂપાણીની આ પ્રથમ પ્રદેશ કારોબારીની બેઠકનો મુખ્ય લક્ષ્ય વર્ષ ૨૦૧૭ના અંતમાં આવી રહેલી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષના સંગઠનને વધુ સક્રિય બનાવવાનો છે અને કેન્દ્ર તથા રાજય સરકારની સિધ્ધીઓને પ્રજા સુધી પહોંચાડવા જડબેસલાક આયોજન કરવાનું છે. જેમાં ફરી એકવાર રાષ્ટ્રબાદની આડમાં સફળ પૂર્વક હિદુબાદનો એજન્ડા આગળ ધપાવી ગુજરાતમાં પુનઃકેસરીયું વાતાવરણ ઉભુ કરવાનો પ્રયાસ કરાશે તેવા નિદશો સાંપડી રહ્યા છે.

ગાંધીનગર કોબા સર્કલ પાસે આવેલા ભાજપના મધ્યસ્થ કાર્યાલય શ્રીકમલમ ખાતે સવારે ૧૧ વાગ્યાથી શરૂ થયેલી પ્રદેશ કારોબારીની બેઠકનું મોડી સાંજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પ્રવચન સાથે સમાપન થયું હતું.

